ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2087/10/2023** **તા.04/11/2023**

**આજરોજ છત્તીસગઢમાં થયેલા મહાદેવ બેટિંગ એપ્લિકેશન કૌભાંડ અંગે આજરોજ સુરત શહેર ભાજપ કાર્યલાય ખાતે માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ પ્રેસ વાર્તાને સંબોધન કર્યું.**

---

**અસીમ દાસની પૂછપરછ અને તેની પાસેથી મળી આવેલા ફોનની ફોરેન્સિક તપાસ અને શુભમ સોની (મહાદેવ નેટવર્કના ઉચ્ચ કક્ષાના આરોપીઓમાંના એક) દ્વારા મોકલવામાં આવેલા ઈમેલની તપાસમાં ઘણા ચોંકાવનારા ખુલાસા થયા છે.:- શ્રી સી.આર.પાટીલ**

---

**અમારી માંગણી છે કે ભૂપેશ બઘેલ સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ અને કોંગ્રેસના નેતાઓએ આ જવાબદારી લેવી જોઈએ અને આ ખુલાસો સમગ્ર દેશના લોકો સમક્ષ કરવો જોઈએ:- શ્રી સી.આર.પાટીલ**

---

**ભારતીય જનતા પાર્ટીએ સીએમ ભૂપેશ બઘેલ અને કોંગ્રેસ પાર્ટીને પ્રશ્નો પૂછ્યા અને જવાબની અપેક્ષા પણ કરી છે:- શ્રી સી.આર.પાટીલ**

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ છત્તીસગઢમાં થયેલા મહાદેવ બેટિંગ એપ્લિકેશન કૌભાંડ અંગે આજરોજ સુરત શહેર ભાજપ કાર્યલાય ખાતે માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ પ્રેસ વાર્તાને સંબોધન કર્યું.

શ્રી સી.આર.પાટીલજીએ પ્રેસ વાર્તાને સંબોધન જણાવ્યુ કે, મહાદેવ બેટિંગ એપ્લિકેશન સટ્ટાબાજીની સિન્ડિકેટના પ્રમોટર્સ વિદેશમાં બેઠા છે અને તેમના મિત્રો અને સહયોગીઓની મદદથી સમગ્ર ભારતમાં હજારો પેનલ ચલાવી રહ્યા છે, ખાસ કરીને છત્તીસગઢથી અને તેઓએ તેમાંથી હજારો કરોડો રૂપિયાની કમાણી કરી છે. EDએ પહેલાથી જ 4 આરોપીઓની ધરપકડ કરી છે અને 450 કરોડ રૂપિયાથી વધુની ફોજદારી કાર્યવાહી

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

જપ્ત કરી છે. આ મામલે 14 આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. અસીમ દાસની પૂછપરછ અને તેની પાસેથી મળી આવેલા ફોનની ફોરેન્સિક તપાસ અને શુભમ સોની (મહાદેવ નેટવર્કના ઉચ્ચ કક્ષાના આરોપીઓમાંના એક) દ્વારા મોકલવામાં આવેલા ઈમેલની તપાસમાં ઘણા ચોંકાવનારા ખુલાસા થયા છે. આ કેસમાં ઘણી ચૂકવણી કરવામાં આવી ચુકી છે, જે મુજબ મહાદેવ એપ પ્રમોટરોએ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને અત્યાર સુધીમાં અંદાજે 508 કરોડ રૂપિયા ચૂકવ્યા છે. EDએ શુક્રવારે એક નિવેદન જારી કરીને કહ્યું કે અસીમ દાસે સ્વીકાર્યું છે કે જપ્ત કરાયેલી રકમ મહાદેવ એપના પ્રમોટરો દ્વારા છત્તીસગઢ રાજ્યમાં આગામી ચૂંટણી ખર્ચ માટે રાજકારણી 'બઘેલ'ને પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. અસીમ દાસની પૂછપરછ અને તેની પાસેથી મળી આવેલા ફોનની ફોરેન્સિક તપાસ અને શુભમ સોની (મહાદેવ નેટવર્કનો એક આરોપી) દ્વારા મોકલવામાં આવેલા ઈમેલની તપાસમાં ઘણી ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યુ કે, ભારતીય જનતા પાર્ટીએ સીએમ ભૂપેશ બઘેલ અને કોંગ્રેસ પાર્ટીને પ્રશ્નો પૂછ્યા અને જવાબની અપેક્ષા પણ કરી છે. શું એ વાત સાચી છે કે અસીમ દાસ શુભમ સોની દ્વારા છત્તીસગઢમાં કોંગ્રેસના નેતાઓને પૈસા મોકલતો હતો?, શું તે સાચું છે કે અસીમ દાસને વોઈસ મેસેજ દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો રાયપુર જઈને ભૂપેશ બઘેલને ચૂંટણી ખર્ચ માટે પૈસા આપશો?, શું એ વાત સાચી છે કે 2 નવેમ્બરના રોજ હોટેલ ટાઇટનમાં અસીમ દાસ પાસેથી પૈસા રિકવર કરવામાં આવ્યા હતા?, શું એ સાચું છે કે પીએમએલએ હેઠળ જુદા જુદા બેંક ખાતામાંથી 15 કરોડ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા છે?, શું એ વાત સાચી છે કે અસીમ દાસ નામના વ્યક્તિ પાસેથી રૂ. 5.30 કરોડથી વધુ રકમ વસૂલ કરવામાં આવી હતી? આ તમામ પ્રશ્નો ભારતીય જનતા પાર્ટીએ પૂછ્યા છે તેનો ખુલાસો કોંગ્રેસ કરે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યુ કે, આ મુજબ, મહાદેવ એપના પ્રમોટર્સ દ્વારા ભૂતકાળમાં છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને નિયમિત ચૂકવણી કરવામાં આવી છે અને અત્યાર સુધીમાં કુલ 508 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. અમારી માંગણી છે કે ભૂપેશ બઘેલ સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ અને કોંગ્રેસના નેતાઓએ આ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



જવાબદારી લેવી જોઈએ અને આ ખુલાસો સમગ્ર દેશના લોકો સમક્ષ કરવો જોઈએ. જ્યારે ચૂંટણી લડવા માટે UAE થી આવતા પૈસા નો ઉપયોગ કરીને જ્યારે ચૂંટણી જીતવાનો પ્રયત્ન થતો હોય ત્યારે સ્વાભાવિક પણે ખોટું થવાની શક્યતા હોય છે અને તેના કારણે લોકોને વિશ્વાસ પણ ઉઠી જતો હોય છે. આટલી મોટી રકમ જ્યારે મહાદેવ એપ દ્વારા આપવામાં આવે છે અને સ્વીકારવામાં આવે છે તે બતાવે છે કે ખૂબ મોટું કૌભાંડ આકાર લઈ રહ્યું છે અને તેમાં કોંગ્રેસ અને કોંગ્રેસના નેતાઓ સામેલ છે.

આ પ્રેસ વાર્તામાં પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ પટેલ, સુરત શહેરના પ્રભારી શ્રીમતી શીતલબેન સોની, ગુજરાત રાજ્યના વન તેમજ પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, શહેર અધ્યક્ષશ્રી નિરંજનભાઇ ઝાંઝમેરા, મહામંત્રીશ્રીઓ શ્રી મુકેશભાઈ દલાલ, શ્રી કિશોરભાઈ બિંદલ, શ્રી કાળુભાઈ ભીમનાથ, ધારાસભ્ય શ્રીમતિ સંગીતાબેન પાટીલ, શ્રી મનુભાઈ પટેલ મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, ડેપ્યુટી મેયર શ્રી ડોક્ટર નરેન્દ્ર ભાઈ પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજનભાઈ પટેલ, દક્ષિણ ઝોન મીડિયા કન્વીનર શ્રી રાજેશભાઈ દેસાઈ, સહ કન્વીનર શ્રીમતી દીપિકાબેન ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)